ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા

# કચ્છ યુનિવર્સિટી

યુનિવર્સિટી કેમ્પસ, મુન્દ્રા રોડ,
ભૂજ–કચ્છ – ૩૭૦૦૦૧
Email:- registrar.kskvku@gmail.com

ફોન (૦૨૮૩૨) ૨૩૫૦૦૨
web: www.kskvku.ac.in

રેફ.નં.: કયુ/ બી.ઓ.એમ.–મિનીટ્સ–૪/ ૨૦૨૪/ ૧૮૯૦

તા:–૨૩/૦૮/૨૦૨૪

પ્રતિશ્રી,

તમામ સભ્યશ્રીઓ,
બોર્ડ ઓફ મેનેજમેન્ટ,
કચ્છ યુનિવર્સિટી, ભૂજ–કચ્છ.

**વિષય :–** બોર્ડ ઓફ મેનેજમેન્ટની તા.૧૭/૦૮/૨૦૨૪ ના રોજ મળેલ મિટીગની મિનીટ્સ મોકલવા બાબત.

માનનીયશ્રી,

સવિનય ઉપરોકત વિષયે જણાવવાનું કે, બોર્ડ ઓફ મેનેજમેન્ટની માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને તા.૧૭/૦૮/૨૦૨૪ શનીવારના રોજ ૦૩:૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ મિટીગની મિનીટ્સ આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવે છે. જે આપના ધ્યાને લેવા વિનંતી.

આભાર સહ

કુલસચિવ

બિડાણ :– મિટીગની મીનીટ્સ

નકલ રવાના :–

૧. સંબંધિત વિભાગો તરફ યોગ્ય કાર્યવાહિ અર્થે.
૨. સંબંધિત ફાઈલે.

ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા

# કચ્છ યુનિવર્સિટી

તા.૧૭/૦૮/૨૦૨૪ શનીવારના રોજ ૦૩:૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ મિટીંગની મિનીટ્સ નોંધ

આજ રોજ તા.૧૭/૦૮/૨૦૨૪ ના ૦૩:૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે માનનીય કુલપતિશ્રીની અધ્યક્ષતામાં બોર્ડ ઓફ મેનેજમેન્ટની પ્રથમ મિટીંગ મળેલ જેમાં નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર રહેલ હતા.

| ક્રમ | સભ્યશ્રીનું નામ | હોદ્દો | હાજર/ ગેર હાજર |
|---|---|---|---|
| ૧. | ડૉ. મોહન પટેલ<br>માનનીય કુલપતિશ્રી,<br>કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | અધ્યક્ષશ્રી | હાજર |
| ૨. | ડૉ. મનોજભાઈ સોલંકી<br>પ્રતિષ્ઠિત વ્યકિતશ્રી<br>શ્રી રામકિષ્ણ ટ્રસ્ટ, કુકમા – કચ્છ | સભ્યશ્રી | હાજર |
| ૩. | પ્રો.(ડૉ) પી. એસ. હિરાણી<br>અધ્યક્ષશ્રી,ડિપાર્ટમેન્ટ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | સભ્યશ્રી | હાજર |
| ૪. | પ્રો.(ડૉ) ડી. એમ. બકરાણીયા<br>ડીનશ્રી, ફેકલ્ટી ઓફ એજ્યુકેશન<br>કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | સભ્યશ્રી | હાજર |
| ૫. | ડૉ. કલ્પનાબેન સતીજા<br>ડીનશ્રી, ફેકલ્ટી ઓફ આર્ટ્સ<br>કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | સભ્યશ્રી | હાજર |
| ૬. | ખાલી<br>................................<br>સંલગ્ન કોલેજના ડિપાર્ટમેન્ટ અધ્યક્ષશ્રી | સભ્યશ્રી | ખાલી |
| ૭. | ડૉ. પંકજ ઠાકર<br>આસી. પ્રોફેસરશ્રી,<br>ડિપાર્ટમેન્ટ ઓફ સંસ્કૃત,<br>કચ્છ યુનિવર્સિટી, ભૂજ | સભ્યશ્રી | હાજર |
| ૮. | ડૉ. મનીષાબેન બારડ<br>આસી. પ્રોફેસરશ્રી,<br>ડિપાર્ટમેન્ટ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ,<br>કચ્છ યુનિવર્સિટી, ભૂજ | સભ્યશ્રી | ઓનલાઈન હાજર |
| ૯. | ખાલી<br>................................<br>સંલગ્ન કોલેજના અધ્યાપકશ્રી | સભ્યશ્રી | ખાલી |

| | | | |
|---|---|---|---|
| ૧૦. | ખાલી<br>................................<br>સંલગ્ન કોલેજના અધ્યાપકશ્રી | સભ્યશ્રી | ખાલી |
| ૧૧. | શ્રી કેસરાભાઈ આર. પિંડોરીયા<br>ટ્રસ્ટીશ્રી, | સભ્યશ્રી | ગેર હાજર |
| ૧૨. | શ્રી કિરણભાઈ બી. આહિર<br>ટ્રસ્ટીશ્રી, | સભ્યશ્રી | હાજર |
| ૧૩. | શ્રી રામભાઈ ગઢવી<br>નોંધાયેલ સ્નાતક | સભ્યશ્રી | હાજર |
| ૧૪. | શ્રી કાન્તાબેન સોલંકી<br>નોંધાયેલ સ્નાતક | સભ્યશ્રી | હાજર |
| ૧૫. | ખાલી<br>................................<br>એકેડેમિક કાઉન્સિલના સભ્યશ્રી | સભ્યશ્રી | ખાલી |
| ૧૬. | ખાલી<br>................................<br>એકેડેમિક કાઉન્સિલના સભ્યશ્રી | સભ્યશ્રી | ખાલી |
| ૧૭. | પ્રો. (ડૉ.) મહેશ ઠક્કર<br>ડાયરેક્ટરશ્રી,<br>બી.એસ.આઈ.પી. (લખનઉ) | સભ્યશ્રી | ઓનલાઈન હાજર |
| ૧૮. | ડૉ. અનિલ ગોર<br>કુલસચિવ | મેમ્બર<br>સેક્રેટરીશ્રી | હાજર |

**કાર્યસૂચી :–**

૧. ગત બોર્ડ ઓફ મેનેજમેન્ટની તા.૦૭/૦૬/૨૦૨૪ના રોજ મળેલ મિટીગની મિનિટ્સ બહાલ રાખવા તથા થયેલ કામગીરી બાબતે.

ઠરાવ :૧ **ગત બોર્ડ ઓફ મેનેજમેન્ટની તા.૦૭/૦૬/૨૦૨૪ના રોજ મળેલ મિટીગની મિનિટ્સ નોંધ સર્વાનુમતે બહાલ રાખવાનું ઠરાવવામાં આવે છે.**

૨. B.A.\ B.Com.\ B.Sc.\ BBA\ BCA\ B.S.\ SEC \ VAC \ AEC \ Commerce Basket\ MBBS વેગેરે અભ્યાસક્રમો શૈક્ષણિક વર્ષ ૨૦૨૪–૨૫ થી મંજૂર કરવા બાબત.

(નવી શિક્ષણ નિતી–૨૦૨૦ અનુસાર સેમેસ્ટર ૩ અને ૪ ના તથા સંબંધિત કાઉન્સિલની વખતો–વખતની ગાઈડ લાઈન અનુસાર અભ્યાસક્રમો સંબંધિત બી.ઓ.એસ. મારફતે બનાવવામાં આવેલ છે. જેને ડીનશ્રીઓએ એકેડેમિક કાઉન્સિલ તથા બોર્ડ ઓફ મેનેજમેન્ટની મંજૂરીની અપેક્ષાએ મંજૂર કરેલ છે. તેનું અમલીકરણ ચાલુ શૈક્ષણિક વર્ષથી કરવાનું થાય છે. ઉપરોક્ત તમામ અભ્યાસક્રમો શૈક્ષણિક વર્ષ ૨૦૨૪–૨૫ થી શરૂ કરવાની મંજૂરી અર્થે.)

ઠરાવ:૨ નવી શિક્ષણ નિતી–૨૦૨૦ અનુસાર સેમેસ્ટર ૩ અને ૪ ના તથા સંબંધિત કાઉન્સિલની વખતો–વખતની ગાઈડ લાઈન અનુસાર સંબંધિત બી.ઓ.એસ. મારફતે બનાવવામાં આવેલ B.A.\ B.Com.\ B.Sc.\ BBA\ BCA\ B.S.\ SEC \ VAC \ AEC \ Commerce Basket\ MBBS\ MBA(inti)\ M.Sc. (CA & IT)(inti) વગેરે અભ્યાસક્રમો શૈક્ષણિક વર્ષ ૨૦૨૪–૨૫ થી શરૂ કરવા સર્વાનુમતે મંજૂરી આપવામાં આવે છે.

૩. Non- NEP માંથી NEP તથા NEP માંથી NEP માં પ્રવેશ બાબતે થયેલ પરિપત્ર તથા ડીનશ્રીઓ દ્વારા આવા વિદ્યાર્થીઓના પ્રવેશ બાબતે લેવાયેલ નિર્ણયને બહાલ રાખવા બાબત.

( Non- NEP માંથી NEP તથા NEP માંથી NEP માં પ્રવેશ બાબતે માનનીય કુલપતિશ્રીની અધ્યક્ષતામાં યોજાયેલ ડીનશ્રીઓની મિટીગમાં સાયન્સ, કોમર્સ તથા આર્ટ્સ ફેકલ્ટીમાં પ્રવેશ માટેના નિયમો બનાવવામાં આવેલ. NEP-2020 ની ગાઈડ લાઈન મુજબ જે–તે મેજરની ડિગ્રી કુલ ક્રેડિટના ૫૦% ક્રેડિટ ઉપર આપવામાં આવે છે. વિદ્યાર્થીને મેજર ડિગ્રી મળી રહે, આગળના અભ્યાસમાં કે અન્યત્ર ડીગ્રી સંબંધિ કોઈ વાંધો ન આવે તે આશયથી ઉપર દર્શાવેલ નિર્ણય લેવામાં આવેલ છે.)

ઠરાવ:૩ **ઉપરોક્ત બાબતે વિદ્યાર્થીઓના હિતને ધ્યાને લઈ ડીનશ્રીઓ મારફતે લેવાયેલ નિર્ણયને સર્વાનુમતે બહાલ રાખવામાં આવે છે. વધુમાં ગુજરાત પબ્લિક યુનિવર્સિટી એક્ટ તથા સ્ટેચ્યુટ્સની જોગવાઈઓને આધિન આપણી યુનિવર્સિટીના ઓર્ડિનન્સ બનાવતી વખતે આવી બાબતો માટેના નિયમો તથા કાર્યવાહીનો ઉલ્લેખ ઓર્ડિનન્સમાં કરવાનો રહેશે.**

૪. યુનિવર્સિટી ઓડિટોરીયમની કામગીરીમાં ગંભીર બેદરકારી દાખવવા બદલ કર્મ કન્સલટન્સી (મિતુલ ઝવેરી) દ્વારા અત્રેને ખુલાશા પત્ર લખેલ છે જે બાબતે ચર્ચા અને નિર્ણય.

(તા.૦૭/૦૬/૨૦૨૪ના રોજ મળેલ બોર્ડ ઓફ મેનેજમેન્ટની સભાના ઠરાવ નં.૧૮ થી લેવયેલ નિર્ણય અનુસાર યુનિવર્સિટી ઓડિટોરીયમની કાગીરીમાં ગંભીર બેદરકારી દાખવવા બદલ મિતુલ ઝવેરી, કર્મ કન્સલટન્સી, ભૂજને સંબંધિત કામગીરીમાંથી તાત્કાલિક અસરથી તા.૨૬/૦૬/૨૦૨૪ ના પત્રથી છૂટા કરવામાં આવેલ. પરંતુ ત્યાર બાદ તેઓશ્રીએ તા.૧૨/૦૭/૨૦૨૪ ના રોજ અત્રેને ખુલાશો કરેલ છે અને એમની કંપનીનું ટેન્ડર ચાલુ રાખવા માંગણી કરેલ છે જે અંગે ચર્ચા)

ઠરાવ:૪ **યુનિવર્સિટી ઓડિટોરીયમની કામગીરીમાં ગંભીર બેદરકારી દાખવવા બદલ મિતુલ ઝવેરી, કર્મ કન્સલટન્સી, ભૂજને સંબંધિત કામગીરીમાંથી તાત્કાલિક અસરથી છૂટા કરવામાં આવેલ. પરંતુ ત્યાર બાદ તેઓશ્રીએ તા.૧૨/૦૭/૨૦૨૪ ના રોજ અત્રેને ખુલાશો કરેલ છે અને એમની કંપનીનું ટેન્ડર ચાલુ રાખવા માંગણી કરેલ છે જે અંગે ચર્ચા–વિચારણાના અંતે ઉકત બાબતે આપણી યુનિવર્સિટીના ટેકનિકલ નિષ્ણાંતશ્રી એન.કે.ઓઝા સાથે ચર્ચા કર્યા બાદ તથા તેઓશ્રીનો અભિપ્રાય મેળવ્યા બાદ નિર્ણય લેવાની તમામ સત્તા માનનીય કુલપતિશ્રીને સોંપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૫. ડૉ.અમર મહેતા, સિસ્ટમ એન્જિનીયરશ્રી, કચ્છ યુનિવર્સિટીને પરીક્ષાનું ભથ્થુ (૧૦%) ચૂકવવા બાબતેની તેમની રજૂઆત સંદર્ભે ચર્ચા–વિચારણા.

(તેઓશ્રી સિસ્ટમ એન્જિનીયર (કાયમી કર્મચારી) તરીકે ૧૮ વર્ષથી ફરજ બજાવે છે સાથે જ તેમના પર પરીક્ષાલક્ષી ડિઝીટલ કામગીરીનું ભારણ વધારે રહે છે તેવું એમનું કહેવાનું થાય છે જેથી તેમની રજૂઆત છે કે, તેઓશ્રીને આ અગાઉ ઈ.સી.ની મંજૂરીથી પરીક્ષા ભથ્થું (૧૦%) મળતું જે હાલમાં સ્થગિત કરેલ છે એવું શ્રી મહેતાએ એમની અરજીમાં જણાવેલ છે. શ્રી અમર મહેતાની પરીક્ષા ભથ્થું ફરી શરૂ કરવા સંબંધે તા.૧૨/૦૬/૨૦૨૪ ના રોજ આવેલ રજૂઆત સંદર્ભે ચર્ચા–વિચારણા.)

ઠરાવ:૫ **પરીક્ષાનું ભથ્થુ (૧૦%) ચૂકવવા સબબ અન્ય યુનિવર્સિટીઓમાં પરીક્ષા ભથ્થુ ચૂકવવાની પ્રર્વતમાન પ્રણાલિનો અભ્યાસ કર્યા બાદ નિર્ણય લેવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૬. હાલમાં નીચે મુજબની સમિતિઓ બનાવવાની જરૂરિયાત જણાતી હોઈ તેની રચના કરવા બાબત તથા સ્ટેચ્યુટ્સમાં આપેલ સમિતિના બંધારણ મુજબ બોર્ડ ઓફ મેનેજમેન્ટના સભ્યશ્રીઓના નામ તથા નોમિનેશન આપવા બાબત.

1. Finance and Accounts Committee (Statutes Section- 232)
2. Purchase Committee (Statutes Section- 236)
3. Building and Works Committee (Statutes Section- 240)
4. Selection and Appointment Committee of Teaching and Non-teaching Staff (Statutes Section- 255 and 258)

ઠરાવ:૬ **ઉપરોક્ત જુદી –જુદી ચાર કમિટીઓ માટે બોર્ડ ઓફ મેનેજમેન્ટના સભ્યશ્રીઓના નામ તથા નોમિનેશન નીચે મુજબ આપવામાં આવે છે અને તે સિવાય સ્ટેચ્યુટ્સ 236(2)(c) તથા 255(2)(e) ની જોગવાઈઓને આધિન સભ્યશ્રીઓની નિમણૂંક કરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને સોંપવામાં આવે છે.**

| સમિતિનું નામ | સેકશન | સભ્યશ્રીનું નામ |
|---|---|---|
| Finance and Accounts Committee | 232(2)(c) | શ્રી કિરણભાઈ આહિર |
| | 232(2)(e) | શ્રી અનિમેષ મોદી |
| | | શ્રી જીજ્ઞેશ ખટારીયા |
| Purchase Committee | 236(2)(b) | શ્રી રામભાઈ ગઢવી |
| Building and Works Committee | 240(2)(b) | શ્રી કેશરાભાઈ પિંડોરીયા |
| Selection and Appointment Committee of University Teachers and Officer and employees of University under Section - 07, 255 and 258. | 07(2)(b)<br>258(2)(b) | શ્રી મનોજભાઈ સોલંકી |

૭. યુનિવર્સિટી સંલગ્ન સ્વનિર્ભર કોલેજો જે સ્વેચ્છાએ બંધ થયેલ છે અથવા જે કોલેજોમાં કોઈ અભ્યાસક્રમો બંધ થયા છે તે સંસ્થાઓની યુનિવર્સિટીમાં જમા ફીક્ષ ડિપોઝીટની રકમ પરત કરવા બાબતે ચર્ચા–વિચારણા અને નિર્ણય.

(મુસ્લિમ એજ્યુકેશન સોસાયટી–ભૂજ, બાબા નાહરસિંહ ઈન્દ્રપ્રસ્થ મહાવિદ્યાલય– દૂધઈ, એસ.આર.કે. ઈન્સ્ટીટ્યુટ– સાપેડા, એચ.જે.ડી. કોલેજ–કેરા, ડી.એન.વી. એજ્યુકેશન–ગાંધીધામ, સહજાનંદ ગર્લ્સ ઈન્સ્ટીયુટ–ભૂજ. અમુક કોલેજો સંપૂર્ણ બંધ થયેલ છે તથા અમુકમાં અભ્યાસક્રમ/ કોર્ષ બંધ થયેલ છે. આ સંસ્થાઓની યુનિવર્સિટીમાં જમા રહેલ ડિપોઝીટ પરત કરવા બાબતે ચર્ચા)

ઠરાવ:૭ **યુનિવર્સિટી સંલગ્ન સ્વનિર્ભર કોલેજો જે સ્વેચ્છાએ કાયમી ધોરણે બંધ થયેલ છે અથવા જે કોલેજોમાં કોઈ અભ્યાસક્રમો કાયમી ધોરણે બંધ થયેલ છે તેઓના જોડાણ બંધ કરવા અંગેની પ્રક્રિયા પૂર્ણ કરી દીધેલ હોઈ પરંતુ જોડાણ બંધ અંગેના જાહેરનામાં સરકારશ્રીમાંથી આવવાના બાકી હોય, તેવી સંસ્થા/ ટ્રસ્ટ/ કોલેજો પાસેથી એફિડેવીટ કરાવ્યા બાદ જ ડિપોઝીટની નિયમોનુસારની રકમ પરત કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું. વધુમાં સંબંધિત સંસ્થાઓને જણાવવાનું રહેશે કે, સરકારશ્રીમાંથી સંસ્થા કે અભ્યાસક્રમો બંધ કરવા સબબ જે કઈ નિર્ણય આવે તથા યુનિવર્સિટી એ સંદર્ભે જે કંઈ પણ નિયમ/નિર્ણય લે તે મેનેજમેન્ટ/ ટ્રસ્ટ/સંસ્થાને બંધન કર્તા રહેશે.**

૮. લૉ કોલેજોના પ્રવેશ બાબતે ચર્ચા–વિચારણા.

(હાલમાં BCI ની માન્યતા ન હોવાના કારણે ઘણી લૉ કોલેજોને " No Admission Zone" માં મુકવામાં આવેલ છે અને કોર્ટ મેટર પણ ચાલુમાં છે. તે સંજોગોએ પ્રથમ વર્ષમાં પ્રવેશ આપવા કે અન્ય આગળના વર્ષના પ્રવેશ બાબતે ચર્ચા–વિચારણા)

ઠરાવ:૮ **કચ્છ યુનિવર્સિટી સંલગ્ન બે લો કોલેજ, (૧) ડી.એલ.લો કોલેજ, ભૂજ તથા (૨) તોલાણી ઈન્સ્ટીટ્યુટ ઓફ લો, આદિપુરમાં આ શૈક્ષણિક વર્ષ ૨૦૨૪–૨૫ અગાઉ પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ એટલે કે, હાલમાં બીજા અને ત્રીજા વર્ષમાં પ્રવેશપાત્ર અથવા એટીકેટીના વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકાશે. પરંતુ પ્રથમ વર્ષમાં નવા કોઈ પ્રવેશ આપી શકાશે નહિ. BCI ની માન્યતા સબબ કોર્ટ મેટર ચાલુ હોઈ તે અંગેનો નામદાર કોર્ટનો ચૂકાદો આવ્યા બાદ અથવા BCI ની મંજૂરી મળ્યા બાદ પ્રથમ વર્ષ પ્રવેશની આગળની કાર્યવાહિ બાબતે નિર્ણય લેવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ અને તે સંબંધે માનનીય કુલપતિશ્રીને નિર્ણયો લેવાની તમામ સત્તા સોંપવામાં આવે છે.**

૯. ડિપાર્ટમેન્ટ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ વિભાગને વિભાજન કરી બે જુદા વિભાગ (૧) ડિપાર્ટમેન્ટ ઓફ કોમર્સ (૨) ડિપાર્ટમેન્ટ ઓફ મેનેજમેન્ટ સ્ટડિઝ તરીકે શરૂ કરેલ છે જે માનનીય કુલપતિશ્રીના નિર્ણયને બહાલ રાખવા બાબત.

ઠરાવ:૯ **પરિપત્ર નં.૧૧૨ તા.૩૦/૦૭/૨૦૨૪ થી ડિપાર્ટમેન્ટ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ વિભાગને વિભાજીત કરી બે જુદા– જુદા વિભાગ તરીકે એટલે કે, (૧) ડિપાર્ટમેન્ટ ઓફ કોમર્સ અને (૨)ડિપાર્ટમેન્ટ ઓફ મેનેજમેન્ટ સ્ટડિઝ તરીકે તા.૦૧/૦૮/૨૦૨૪ થી કાર્યરત કરેલ છે જે માનનીય કુલપતિશ્રીના નિર્ણયને સર્વાનુમતે બહાલ રાખવાનું ઠરાવવામાં આવે છે.**

૧૦. GIPL નો તા.૨૯/૦૫/૨૦૨૪ તથા તા.૧૨/૦૬/૨૦૨૪ વાળા પત્ર વંચાણે લેવા તથા તે બાબતે ચર્ચા–વિચારણા અને નિર્ણય.

(GIPL સાથે કચ્છ યુનિવર્સિટીએ કરેલ એમ.ઓ.યુ./ કોન્ટ્રાક સિવાયની additional services શરૂ કરવા માટેની ઉપરોકત પત્રોથી આવેલ proposals બાબતે ચર્ચા–વિચારણા)

ઠરાવઃ૧૦ **GIPL સાથે કચ્છ યુનિવર્સિટીએ કરેલ એમ.ઓ.યુ./ કોન્ટ્રાક સિવાયની ઉપરોકત બન્ને પત્રો મારફતે additional services શરૂ કરવા માટેની આવેલ proposals ના સંદર્ભે જરૂર જણાયે services શરૂ કરવા નિર્ણય લેવાની સત્તા માનનીય કુલપતિશ્રીને સોંપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.**

૧૧. કચ્છ યુનિવર્સિટી ૧૪મા પદવીદાન સમારોહનું આયોજન કરવા જઈ રહી છે. પદવીદાન સમારોહના આયોજન તથા આ સમારોહમાં મુખ્ય મહેમાન તરીકે કોને આમંત્રિત કરવા તે અંગે ચર્ચા–વિચારણા અને નિર્ણય.

(દર વર્ષે ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્માની જન્મ જયંતીના દિવસે અથવા માનનીય ચાન્સેલર સાહેબશ્રી દ્વારા અપાયેલ તારીખે આપણી યુનિવર્સિટીના પદવીદાન સમારોહનું આયોજન કરવાનું નિર્ધારીત કરવામાં આવેલ છે. નિર્ધારિત કરેલ સમય અનુસાર આ વર્ષે સમારોહનું આયોજન કરી શકાય. સાથે આ સમારોહનો સ્થળ, મુખ્ય મહેમાન, કાર્યક્રમ વગેરે બાબતે નિર્ણય.)

ઠરાવઃ૧૧ **કચ્છ યુનિવર્સિટીના ૧૪મો પદવીદાન સમારોહ માનનીય ગર્વનરશ્રી, ગુ.રા. તે ચાન્સેલરશ્રી, કચ્છ યુનિવર્સિટીની અઘ્યક્ષતામાં સંભવિત તા.૧૯/૧૦/૨૦૨૪ ના યોજવાનું નકકી કરવામાં આવ્યું. એ દિવસે પદવીદાન સમારોહ સાથે જેમના નામ પરથી આપણી યુનિવર્સિટીનું નામ રાખેલ છે એવા મહાન ક્રાંતિકારી શ્રી ક્રાતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્માના જીવન –કવન આધારિત પોસ્ટર વેગેરે સાથે વિદ્યાર્થીઓની રેલીનું આયોજન અને આ પ્રસંગે રાત્રી સંગીત કાર્યક્રમનું ભવ્ય આયોજન હાથ ધરવાનું નકકી કરવામાં આવ્યું. સંગીત કાર્યક્રમના આયોજન માટેનું યજમાન પદ શ્રી કિર્તીભાઈ વરસાણી, ટ્રસ્ટીશ્રી મુકત જીવન સ્વામિબાપા મહિલા કોલેજે સ્વિકારવાની તૌયારી બતાવેલ છે. આમ, યુનિવર્સિટીના ૧૪માં પદવીદાન સમારોહના દિવસે પદવીદાન કાર્યક્રમ સાથે આવા અન્ય કાર્યક્રમનું આયોજન કરવાનું સર્વાનુમતે નકકી કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ, મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ,ગુ.રા., કલ્યાણજી આણંદજી, ખીમજી રામદાસ–ટ્રસ્ટના કોઈ મોભીશ્રી, હસુભાઈ પટેલ–મોમ્બાસા જેવા મહાનુભાવોમાંથી એક–બે વ્યકિત વિશેષને આમંત્રિત કરવા. આ કાર્યક્રમ સંદર્ભે જરૂરી નિર્ણયો લેવાની સત્તા માનનીય કુલપતિશ્રીને સોંપવાનું સર્વાનુમતે નકકી કરવામાં આવ્યું.**

૧૨. ભુજ નગરપાલિકાની જુદી–જુદી નવ સંવર્ગની લેખિત પરીક્ષા કચ્છ યુનિવર્સિટી દ્વારા લેવામાં આવે તેવો નગરપાલિકાનો તા. ૦૧/૦૮/૨૦૨૪ના પત્રથી અત્રેને મળેલ દરખાસ્ત બાબતે ચર્ચા–વિચારણા.

(ભુજ નગરપાલિકાની જુદી–જુદી નવ સંવર્ગની લેખિત પરીક્ષા લેવાની કામગીરી કચ્છ યુનિવર્સિટી કરે તેવું તેમની કારોબારી સમિતિમાં નકકી કરવામાં આવેલ છે. જે અનુસંધાને ભુજ નગરપાલિકાએ

ઉપરોક્ત પત્રથી અત્રેને પરીક્ષા લેવા દરખાસ્ત કરેલ છે. પરીક્ષા લેવી કે કેમ ? , લેવાની થાય તો તે અનુસંધાને ચાર્જ પેટે કોઈ રકમ નકકી કરવી, કામગીરીની સોંપણી કરવી વગેરે બાબતોએ ચર્ચા)

ઠરાવ:૧૨ **ભુજ નગરપાલિકાની આવેલ ઉપરોક્ત દરખાસ્ત સંદર્ભે નિર્ણય લેવાની સત્તા માનનીય કુલપતિશ્રીને સોંપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.**

૧૩. કચ્છ યુનિવર્સિટીમાં લાંબા સમયથી હંગામી ધોરણે ફરજ બજાવતાં ડ્રાઈવર તથા વર્ગ–૪ ના કર્મચારીઓનો પગાર વધારો કરવા બાબતે ચર્ચા–વિચારણા અને નિર્ણય.

(૨૦ વર્ષ થી કરી ૧૨ વર્ષ જેટલા લાંબા સમયથી હંગામી ધોરણે ડ્રાઈવર તથા વર્ગ–૪ ના કર્મચારીઓ કચ્છ યુનિવર્સિટીમાં ફરજ બજાવે છે. સરકારશ્રીની ડ્રાઈવર તથા વર્ગ–૪ ના સંવર્ગની જગ્યાઓ આઉટ સોર્સિંગથી ભરવાની નીતિના કારણે આ કર્મચારીઓનું મહેકમ સરકારશ્રીની નીતિ અનુસાર મંજૂર થાય તેવું જણાતું નથી. આવા સંજોગોએ, નાના પગાર ધોરણમાં આટલા લાંબા સમયથી નિષ્ઠાપૂર્વક આ તમામ કર્મચારીઓ પોતાની ફરજ બજાવે છે તથા હાલની વધતી જતી મોંઘવારી અને તેઓએ આટલા લાંબા સમય સુધી આપેલ સેવાઓને અને કર્મચારીઓની રૂબરૂ રજૂઆતને ધ્યાને લઈ ડ્રાઈવર તથા વર્ગ–૪ સંવર્ગના કર્મચારીઓના પગાર વધારા બાબતે ચર્ચા–વિચારણા)

ઠરાવ:૧૩ **કચ્છ યુનિવર્સિટીમાં ફરજ બજાવતાં કર્મચારીઓના પગાર વધારા સંદર્ભે પુખ્ત ચર્ચા–વિચારણાને અંતે લાંબા સમયથી હંગામી ધોરણે ફરજ બજાવતાં તમામ બિન શૈક્ષણિક કર્મચારીઓને પગાર વધારો આપવાનું નકકી કરવામાં આવ્યું. સૌ પ્રથમ આ મુદ્દો ફાયનાન્સ એન્ડ એકાઉન્ટ કમિટીમાં મુકવાનું અને ત્યાર બાદ કમિટીના રિપોર્ટ અનુસાર આગળની કાર્યવાહિ હાથ ધરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ.**

૧૪. કચ્છ યુનિવર્સિટીની લાયબ્રેરીમાં જરૂરી ફર્નિચર વસાવવા બાબતે ચર્ચા–વિચારણા.

(લાયબ્રેરીયનશ્રીના તા.૧૯/૦૭/૨૦૨૪ વાળા પત્રથી અત્રેને મળેલ ૦૮–રેક તથા ૨૦–કબાટ માટેની દરખાસ્ત)

ઠરાવ:૧૪ **ઉપરોક્ત મળેલ દરખાસ્ત અનુસાર કચ્છ યુનિવર્સિટીની લાયબ્રેરીમાં ફર્નિચર રૂસાની ઉપલબ્ધ ગ્રાન્ટમાંથી વસાવવાની મંજૂરી આપવામાં આવે છે. જો રૂષાની ગ્રાન્ટમાંથી આ ખર્ચ પાડી શકાય તેમ ન હોય તો PMUsha ની ગ્રાન્ટમાંથી ઉક્ત ફર્નિચર વસાવવાની મંજૂરી આપવામાં આવે છે.**

૧૫. કચ્છ યુનિવર્સિટી ભવનોના તમામ વિદ્યાર્થીઓનો જૂથ વિમો ઉતારવા બાબતે ચર્ચા–વિચારણા

(આ અગાઉ પણ વિદ્યાર્થીઓનો જૂથ વિમો ઉતારવામાં આવેલ જે દર વર્ષે જૂના વિદ્યાર્થીનો રિન્યુ તથા નવા પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ માટે લેવાનો થાય છે જે બાબતે ચર્ચા અને નિર્ણય)

ઠરાવ:૧૫ **કચ્છ યુનિવર્સિટી ભવનોમાં અભ્યાસ કરતાં તમામ વિદ્યાર્થીઓની સત્ર દીઠ રૂા.૫૦/– વધારાની ફી લઈ તે રકમમાંથી જૂથ વિમો ઉતારવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૧૬. સ્પોર્ટ્સ ડાયરેકટરની કરેલ નિમણૂંકને બહાલ રાખવા બાબત.

(ગત બોર્ડ ઓફ મેનેજમેન્ટની સભામાં થયેલ ઠરાવ અનુસાર સ્પોર્ટ્સ ડાયરેકટર તરીકે વ્યકિતને નિમવા તથા ઈન્ફ્રાસ્ટ્રકચર ઉભું કરવાની તમામ સત્તા માનનીય કુલપતિશ્રીને સોંપવામાં આવેલ જે અનુસંધાને જાહેરાત બહાર પાડી સ્પોર્ટ્સ ડાયરેકટર તરીકે (૧) શ્રી જીનલબેન ખેતાણી (૨) શ્રી રાજદિપસિંહ જાડેજા એમ બે વ્યકિતઓની નિમણૂંક માસિક ફીક્ષ પગાર રૂા. ૨૫,૦૦૦/– થી ૧૧ માસના કરાર આધારિત કરવામાં આવેલ છે. જેમાંથી એક શ્રી જીનલબેન ખેતાણી હાજર થઈ ગયેલ છે. આમ, સ્પોર્ટસ ડાયરેકટર તરીકે કરેલ ભરતીને બહાલ રાખવા બાબત.)

ઠરાવઃ૧૬ **શ્રી જીનલબેન ખેતાણીની ઈનચાર્જ સ્પોર્ટ્સ ડાયરેકટર તરીકે કરેલ નિમણૂંકને સર્વાનુમતે બહાલ રાખવામાં આવે છે.**

૧૭. ૦૩ – વ્યકિતઓની પ્રોફેસર ઓફ પ્રેકિટસ તરીકે નિમણૂંક કરવા બાબત.

(ચાલુ શૈક્ષણિક વર્ષથી યુનિવર્સિટીએ વોટર મેનેજમેન્ટ, ફાઈન આર્ટ્સ (ડાન્સીગ, પેઈન્ટીગ) જેવા અભ્યાસક્રમો શરૂ કરેલ છે. આવા કોર્ષીસ માટે તે ક્ષેત્રના અનુભવી કે દિગજ્જ વ્યકિતઓને કચ્છ યુનિવર્સિટીમાં પ્રોફેસર ઓફ પ્રેકિટસ તરીકે નિમણૂંક કરી શકાય. પ્રોફેસર ઓફ પ્રેકિટસ તરીકે નિમણૂંક કરવા તથા તે અંગેના નિયમો, એલિજીબીલીટી, પગાર ધોરણ વગેરે બાબતે ચર્ચા–વિચારણા)

ઠરાવઃ૧૭ **યુ.જી.સી.ની ગાઈડ લાઈન અનુસાર નીચે મુજબના ત્રણ જુદા–જુદા ક્ષેત્રની વ્યકિતઓને તેઓની કુશળતાના આધારે કચ્છ યુનિવર્સિટીમાં ચાલુ શૈક્ષણિક વર્ષથી શરૂ કરવામાં આવેલ સ્કીલ બેઈઝડ અભ્યાસક્રમોમાં પ્રોફેસર ઓફ પ્રેકિટસ તરીકે વિઝીટ દીઠ રૂા.૧૦૦૦/– માનદ્ વેતનના દરે નિમણૂંક આપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ.**

| | | |
|---|---|---|
| ૧. | **શ્રી નવિનભાઈ સોની** | **– ફાઈન આર્ટ્સ (ચિત્રકાર)** |
| ૨. | **ડૉ. યોગેન્દ્રસિંહ જાડેજા** | **– ભૂગર્ભજળ વ્યવસ્થાપન** |
| ૩. | **શ્રીમતી વૈશાલી સોલંકી** | **– ફાઈન આર્ટ્સ (ડાન્સીગ)** |

૧૮. ઓડિટોરીયમ માટે મળેલ ગ્રાન્ટમાંથી પરીક્ષા બિલ્ડીગના થયેલ ખર્ચના ચૂકવણાં બાબત.

(ઓડિટોરીયમ તથા પરીક્ષા બિલ્ડીગનું કામ હાલમાં ચાલુમાં છે. ઓડિટોરીયમ તથા પરીક્ષા બિલ્ડીગના મકાન માટે સરકારશ્રીમાંથી જુદી–જુદી ગ્રાન્ટો આવે છે. હાલમાં ઓડિટોરીયમની ગ્રાન્ટનો વપરાશ એટલો નથી જેથી તે જમા છે અને પરીક્ષા બિલ્ડીગની ગ્રાન્ટ વપરાઈ ગયેલ છે. તો ઓડિટોરીયમની ગ્રાન્ટમાંથી હાલ પુરતું પરીક્ષા બિલ્ડીગમાં થયેલ ખર્ચના બીલોનું ચૂકવણું કરવા અંગે ચર્ચા)

ઠરાવઃ૧૮ **પરીક્ષા બિલ્ડીગની ગ્રાન્ટ વપરાઈ ગયેલ હોઈ થયેલ ખર્ચના બાકી રહેતા અંદાજે એક કરોડ ઉપરના બીલોનું ચૂકવણું હાલ પૂરતું યુનિવર્સિટીના સ્વભંડોળમાંથી કરીએ અને ત્યાર બાદ સરકારશ્રીમાંથી પરીક્ષા બિલ્ડીગની ગ્રાન્ટ રીલીઝ થયેથી ચૂકવેલ રકમ ગ્રાન્ટમાંથી બાદ કરી યુનિવર્સિટીના સ્વભંડોળમાં તબદીલ કરીએ/ઉમેરીએ. ગ્રાન્ટ સ્વભંડોળમાં તબદીલ કરવાની જવાબદારી એકાઉન્ટ વિભાગને સોપવામાં આવે છે.**

૧૯. અધ્યક્ષ સ્થાનેથી અન્ય મુદ્દા રજૂ થાય તે.

૧. ડૉ. એચ.આર. ગજવાણી કોલજની જોડાણ ફી ઘટાડવા માટે અત્રેને મળેલ રજૂઆત સંદર્ભે ચર્ચા–વિચારણા.
(તાજેતરમાં કચ્છ યુનિવર્સિટી દ્વારા થયેલ જોડાણ ફી વધારાના તા.૭/૬/૨૦૨૪ના પત્ર અનુસંધાને)

ઠરાવઃ૧૯ **ડૉ. એચ.આર. ગજવાણી કોલજની કચ્છ યુનિવર્સિટી સંલગ્ન બી.એડ. કોલેજોની જોડાણ ફી ઘટાડવા માટે અત્રેને મળેલ રજૂઆત રિવ્યુ અર્થે ફાયનાન્સ એન્ડ એકાઉન્ટ સમિતિમાં મુકીએ. ઉકત બાબતે સમિતિનો રીપોર્ટ આવ્યા બાદ આગળની કાર્યવાહિ સબબ વિચારવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૨. અર્થશાસ્ત્ર ભવનના વિદ્યાર્થીઓની Ph.D. થિસીસ ગુજરાતીમાં લખવા મંજૂરી આપવા અત્રેને મળેલ રજૂઆત બાબતે ચર્ચા–વિચારણા.

ઠરાવઃ૨૦ **કચ્છ યુનિવર્સિટીમાંથી Ph.D. કરતાં વિદ્યાર્થીઓને થિસીસ ગુજરાતી ભાષામાં લખવાની મંજૂરી આપવામાં આવે છે. વધુમાં વિદ્યાર્થીઓએ તેમની થિસીસની એક કોપી ફરજીયાત અંગ્રેજી ભાષામાં રજૂ કરવાની રહેશે જેને યુ.જી.સી.ના નિયમોનુસાર રાજ્ય બહાર મૂલ્યાંકન માટે મોકલવાની રહે છે. સાથો–સાથ પ્લેગીયારીઝમ ચેક કરવા માટે પણ જો ગુજરાતી ભાષામાં સંભવ ન બને તો અંગ્રેજી ભાષામાં થિસીસ રજૂ કરવાની જરૂરિયાત રહેશે જે વિદ્યાર્થીએ પોતાની જવાબદારીએ પૂર્તતા કરવાની રહેશે તેવું સર્વાનુમતે નકકી કરવામાં આવ્યું.**

૩. યુનિવર્સિટી તા.૨૬ અને ૨૭ સપ્ટેમ્બર–૨૦૨૪ના યુવા સાંસ્કૃતિક મહોત્સવનું આયોજન કરવા જઈ રહી છે. યુવા મહોત્સવના આયોજન માટે અંદાજે રૂા.૭,૦૦,૦૦૦/– ખર્ચ થનાર છે. બજેટ મંજૂર કરવા બાબત.

ઠરાવઃ૨૧ **યુનિવર્સિટીના સપ્ટેમ્બર–૨૦૨૪માં યોજાનાર યુવા સાંસ્કૃતિક મહોત્સવના બજેટ પેટે રૂા.૭,૦૦,૦૦૦/– સર્વાનુમતે મંજૂર કરવામાં આવે છે.**

૪. એક્ટ–૨૦૨૩ તથા સ્ટેચ્યુટ્સ–૨૦૨૪ અનુસાર ડીનશ્રીઓની નિમણૂંક બાબત..

ઠરાવ:૨૨ ડીનશ્રીઓની નિમણૂંક સબબ નીચે મુજબના બોર્ડ ઓફ મેનેજમેન્ટના સભ્યશ્રીઓની એક સમિતિની રચના કરવામાં આવે છે.

૧. ડૉ. મોહનભાઈ પટેલ,માનનીય કુલપતિશ્રી
૨. ડૉ. અનિલ ગોર, કુલસચિવશ્રી
૩. શ્રી કિરણભાઈ આહિર
૪. શ્રી કાન્તાબેન સોલંકી
૫. ડૉ. પંકજ ઠાકર

૫. કચ્છ યુનિવર્સિટી હસ્તક ચાલતાં M.Ed. અભ્યાસક્રમ માટે NCTE- 2014 ના રેગ્યુલેશન મુજબ માન્યતા મેળવવા બાબતે ચર્ચા.

ઠરાવ:૨૩ કચ્છ યુનિવર્સિટી હસ્તક ચાલતાં **M.Ed.** (ગ્રાન્ટ ઈન એઈડ) અભ્યાસક્રમને **NCTE- 2014** ના રેગ્યુલેશન અંતર્ગત માન્યતા મેળવવા માટેની જે તે સમયે પ્રો.ડૉ. બી.એસ. પટેલ દ્વારા જરૂરી એફિડેવીટ કરવામાં આવેલ પરંતુ **NCTE** માંથી માન્યતાનો પત્ર યુનિવર્સિટીને હજુ સુધી મળેલ નથી. આ અંગે કરવાની થતી આગળની કાર્યવાહી હાથ ધરવાની તમામ સત્તા માનનીય કુલપતિશ્રીને સોંપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૬. GIVE- VACHA Foundation ને સ્કિલ કોર્ષ મંજૂરી સંદર્ભે જે ફી નક્કી કરી આપેલ છે તે સામે ફી રીવાઝડ કરી આપવા સંદર્ભે સંસ્થાના આવેલ પત્ર અનુસંધાને ચર્ચા–વિચારણા.

ઠરાવ:૨૪ ઉકત બાબત ફી સંબંધી હોઈ ફાયનાન્સ એન્ડ એકાઉન્ટ સમિતિમાં રિવ્યુ અર્થે મુકવાનું નક્કી કરવામાં આવે છે.

૭. મુકત જીવન સ્વામિબાપા મહિલા કોલેજ,ભૂજ ખાતે ચાલતા BCA અભ્યાસક્રમને B.S.(Computer Science) અભ્યાસક્રમમાં ફેરવવા બાબતે.

ઠરાવ:૨૫ શ્રી મુકત જીવન સ્વામિબાપા મહિલા કોલેજ,ભૂજમાં ચાલતાં અભ્યાસક્રમો પૈકી **BCA** અભ્યાસક્રમને **B.S.(Computer Science)** અભ્યાસક્રમમાં તબદીલ કરવા માટે આવેલ દરખાસ્તને મંજૂર રાખવામાં આવે છે. તેઓશ્રીની સંસ્થાનું કચ્છ યુનિવર્સિટી તથા સરકારશ્રીમાં ચાલતું જોડાણ અગાઉની તમામ શરતોએ ચાલુ રાખવાનું રહેશે અને આ અંગેની સરકારશ્રીને જાણ કરતી દરખાસ્ત કરવાની રહેશે. **NEP-2023** તથા કચ્છ યુનિવર્સિટીના વખતો–વખતના નિયમોના પરિપાલન સાથે ચાલુ શૈક્ષણિક વર્ષથી **B.S.(Computer Science)** અભ્યાસક્રમ શરૂ કરવા સર્વાનુમતે મંજૂરી આપવામાં આવે છે.

૮. NAAC મેળવવાની પ્રક્રિયાના અનુસંધાને બજેટ મંજૂર કરવા બાબત.

ઠરાવ:૨૬ પ્રથમ વાર કચ્છ યુનિવર્સિટી **NAAC** મેળવવાની પ્રક્રિયામાં જઈ રહેલ છે તથા તેના પ્રથમ સોપાન રૂપ **I I Q A** સબમીટ કરેલ છે. સમય મર્યાદામાં આગળની કાર્યવાહિ હાથ ધરવાની થાય છે. નિર્ધારીત દિવસોમાં **NAAC** ની ટીમ યુનિવર્સિટીની રૂબરૂ મુલાકાત લેનાર હોઈ કેમપ્સ પર જરૂરિયાત મુજબની સુવિધાઓ ઉભી કરવા માટે થનાર ખર્ચનું બજેટ ફાળવવા તથા હાઈપાવર

કમિટિની રચના કરવાનું અને તે સમિતિ મારફતે ખર્ચ મંજૂરીની પ્રક્રિયા કરાવવાનું નક્કી કરવામાં આવ્યું. આ અંગેના બજેટની રકમ ફાળવવા તથા હાઈપાવર કમિટિ બનાવવાની સત્તા માનનીય કુલપતિશ્રીને સોંપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

૯. હોસ્ટેલ માટે પલંગ વસાવવા બાબત..

ઠરાવ:૨૭ બન્ને ગર્લ્સ તથા બોયઝ હોસ્ટેલના દરેક રૂમમાં હાલમાં એક પલંગ ઉપલબ્ધ છે. પરંતુ વધારે વિદ્યાર્થીઓનો સમાવેશ હોસ્ટેલમાં થઈ શકે તે માટે દરેક રૂમમાં બે પલંગની વ્યવસ્થા ઉભી કરવાનું નક્કી કરવામાં આવ્યું. બન્ને હોસ્ટેલના ૮૦ + ૮૦ મળી કુલ ૧૬૦ રૂમ માટે વધારાના ૧૬૦ પલંગ વસાવવા અને તે ખરીદ કરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને સોંપવામાં આવે છે.

અન્ય કોઈ મુદ્દા ઉપસ્થિત ન થતાં અધ્યક્ષશ્રીના આભાર સાથે મિટીગ પૂર્ણ જાહેર કરવામાં આવી.

કુલસચિવ